પી.એન.જી/એલ.પી.જી.સહાય યોજના અને પી.એન.જી./એલ.પી.જી. સહાય યોજનાના પબ્લીસીટી કેમ્પેઈન માટેની યોજના માટે વહીવટી મંજૂરી વર્ષ: ૨૦૧૯-૨૦.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:- એલપીજી/૧૦૨૦૧૮/૧૬/બ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો.વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૩/૦૪/૨૦૧૯

ઠરાવ:-

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના વર્ષ:૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં ટેબલમાં દર્શાવેલ બજેટ સદરમાં 'પી.એન.જી/એલ.પી.જી.સહાય યોજના' માટે રૂ.૧૦૦/- લાખની(રૂ. સો લાખ) જોગવાઈ તથા પીએનજી/એલપીજી સહાય યોજનાના પબ્લીસિટી કેમ્પેઈનની યોજના માટે રૂ.૫૦૦ લાખની (રૂ.પાંચસો લાખ) ની જોગવાઈ કરેલ છે. આમ, કુલ રૂ.૬૦૦/-(રૂ. છસો લાખ)ની ચાલુ બાબત માટે જોગવાઈ કરેલ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | અંદાજ સદર | સને ૨૦૧૯-૨૦ ની જોગવાઈ |
|---|---|---|
| (૧) | માંગણી ક્રમાંક: ૨૨-૩૪૫૬-૦૦-૧૯૦-૧૪ ઓબ્જેકટ હેડ:૩૩૫૫, | રૂ.૧૦૦.૦૦/-(રૂ. સો લાખ) |
| (૨) | માંગણી ક્રમાંક:૨૨-૩૪૫૬-૦૦-૧૯૦-૧૪ ઓબ્જેકટ હેડ:૫૦૦૦ | રૂ.૫૦૦.૦૦/-(રૂ. પાંચસો લાખ) |
| | કુલ: | રૂ. ૬૦૦.૦૦/-(રૂ. છસો લાખ) |

વિભાગની પીએનજી/એલપીજી સહાય યોજના રૂ.૧૦૦.૦૦/-લાખ (અંકે રૂ. સો લાખ) અને પી.એન.જી/એલ.પી.જી. સહાય યોજનાના પબ્લીસિટી કેમ્પેઈન માટેની યોજના માટે રૂ. ૫૦૦.૦૦/-(અંકે રૂ. પાંચસો લાખ) ચાલુ બાબતે કુલ મળીને રૂ.૬૦૦/-(અંકે રૂપિયા છસો લાખ પૂરા)ની જોગવાઈને નીચે જણાવેલ શરતોને અધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય, તો તે સરકારશ્રીનાં પ્રર્વતમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે. રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) નિયમિત સમયે, ખર્ચ- વપરાશનાં પ્રમાણપત્ર સરકારશ્રીને રજૂ કરવાનાં રહેશે.

(૧૦) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ યોજના માટે નિયત કરવામાં આવેલ લક્ષ્યાંકો અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

(૧૨) પ્રર્વતમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ વહીવટી મંજૂરી અન્વયેનો ખર્ચ ટેબલમાં દર્શાવેલ બજેટ સદર હેઠળ અને વર્ષ ૨૦૧૯-૨૦ ની મંજૂર કરેલ ગ્રાંટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૫/૩/૨૦૧૯ અને અગ્ર-સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની તા.૨૬/૩/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અચલ સોની)
ઉપસચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) અગ્ર સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, બ્લોક નં. ૧૪/૫, સચિવાલય, ગાંધીનગર
(૨) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, બ્લોક નં.૧૪/૬, સચિવાલય,ગાંધીનગર
(૩) નાણાં સલાહકારશ્રી (અ.ના.પુ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.
(૬) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સિલેકટ ફાઇલ
(૮) સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય,ગાંધીનગર (ઠરાવની નકલ ઓનલાઈન મૂકવા સારૂં.)